بسم الله الرحمن الرحیم نحمدہ ونصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الٰہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصاراللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com
نمبر شمار/Ref ____ تاریخ/Date ____

# આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અજોડ કૃતજ્ઞતા

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ. તા. 17 જુલાઈ 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ, (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

અલ્લાહ તઆલાએ ઈન્સાનનું સર્જન કર્યું, ત્યારે તેણે સૌપ્રથમ તેના લાભો માટે અસંખ્ય બરકતો પેદા કરી. અલ્લાહ તઆલાનનો આ ફઝલ ચોક્કસપણે જરૂરી છે કે બંદો તેના પ્રત્યે કૃતજ્ઞ રહે. દરેક પયગંબરે પોતાના અનુયાયીઓને અલ્લાહના કૃતજ્ઞ બંદા બનવાની સલાહ આપી છે. સૌથી ઉપર, આપણા આકા હઝરત અકદસ મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ બતાવ્યું.

આજે હું આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના એ જ ઉદાહરણો, દુઆઓ અને પદ્ધતિઓનો ઉલ્લેખ કરીશ. એક રિવાયતમાં આવે છે કે રસૂલ અલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે શ્રદ્ધા બે ભાગોમાં વહેચાયેલી છે. તેનો અડધો ભાગ ધીરજમાં અને અડધો ભાગ કૃતજ્ઞતામાં છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જો આપણે જોઈએ તો ધીરજ પણ કૃતજ્ઞતાનું જ એક પાસું છે. પછી નબી કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે એક મોમિનનો મામલો સરાસર ખૈર છે. અને આ મોમિન સિવાય બીજા કોઈ માટે નથી. જો તેને કોઈ ખુશી પહોંચે તો તે શુકર કરે છે અને અને આ તેના માટે સારું છે અને જો તેને કોઈ નુકસાન થાય છે, તો તે ધીરજ રાખે છે, અને તે પણ તેના માટે સારું છે.

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે જે લોકોનો આભાર નથી માનતો તે અલ્લાહનો આભાર પણ નથી માનતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ઈર્શાદ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનો આભાર માનવાની સાથે, વ્યક્તિએ તેના બંદાઓનો પણ આભાર માનવો જોઈએ. જો આ રીતે અમલ થશે તો એક સાચો ઇસ્લામી સમાજ સ્થાપિત થઈ શકે છે.

હઝરત નુમાન બિન બશીરથી બયાન છે કે નબી કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું કે ‘જે થોડા પર આભારી નથી થતો તે ઘણા પર પણ આભારી રહેશે નહીં.’ અલ્લાહ તઆલાની ને’મતોનો ઉલ્લેખ કરવો એ પણ કૃતજ્ઞતાની વાત છે. ફરમાવ્યું, ‘જમાઅત એક રેહમત છે અને વિભાજન એક અઝાબ  છે.’

હઝરત ઉસામા બિન ઝૈદ (ર) થી બયાન છે કે રસૂલ અલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે જેનાથી કોઈ સારું કામ કર્યું હોય અને તેણે તે કામ કરનારને કહ્યું જઝાકમુ અલ્લાહ ખૈરા. તો તેણે તા’રીફનો હક અદા કરી દીધો. ફરમાવ્યું જ્યારે અલ્લાહ તઆલા કોઈ કોમને ખૈર વ બરકત આપવા માંગે છે તો તે તેની આયુ વધારી આપે છે અને તેનામાં શુકરે ઇલ્હામ પેદા કરે છે અર્થાત તે તેને શુકરગુઝાર બનવાને લાયક બનાવે છે.

રસૂલ અલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ હઝરત મુઆઝ બિન જબલ (ર)નો હાથ પકડ્યો અને ફરમાવ્યું કે હે મુઆઝ! અલ્લાહની સોગંદ, હું તને ખૂબ પ્રેમ કરું છું હું તને સલાહ આપું છું કે પ્રત્યેક નમાઝ પછી આ કહેવું ના ભુલશો ‘હે અલ્લાહ! મને પોતાના સ્મરણ, પોતાની કૃતજ્ઞતા, અને  પોતાની ઉપાસનની સુંદરતામાં મારી સહાયતા કર.

એક રિવાયતમાં, એવું કહેવામાં આવ્યું છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ પોતાના સહાબાઓને આ દુઆ શીખવી: હે અલ્લાહ! હું દરેક કાર્યમાં તારી પાસેથી અડગતા માંગુ છું, અને હું તારી પાસેથી દૃઢ માર્ગદર્શન માંગુ છું, અને હું તારી પાસેથી તારી ને’મતો માટે કૃતજ્ઞતા માંગુ છું, અને હું તારી ઈબાદતની સુંદરતા માંગુ છું, અને હું તારી પાસેથી સત્ય બોલતી જીભ માંગુ છું, અને હું સ્વસ્થ હૃદયથી તારાથી પનાહ માંગુ છું, અને તે ખરાબી જે તું  જાણે છે અને તે સારી વાત જે તું જાણે છે તેનાથી પનાહ માંગુ છું, અને હું તારાથી ક્ષમા માંગુ છું.

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછવામાં આવ્યું કે, ‘નમાઝમાં કઈ દુઆ કરવી શ્રેષ્ઠ છે?’ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું:

હે અલ્લાહ! બધી પ્રશંસા તારા માટે છે, અને બધો આભાર તારા માટે છે, અને બધી સત્તા તારા માટે છે, અને આખી સૃષ્ટિ તારી છે, અને બધી બાબતો તારી તરફ જ પાછી ફરે છે. અમે તારી પાસે બધી ભલાઈ માંગીએ છીએ અને બધી ખરાબીથી તારી પનાહ માંગીએ છીએ.

પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની એક દુઆ એવી મળે છે કે: હે મારા રબ! મારી મદદ કર અને મારી વિરુદ્ધ કોઈને મદદ ન કર, અને મને ટેકો આપ અને મારી વિરુદ્ધ કોઈને ટેકો ન કર, અને મારા માટે યોજના બનાવ અને મારી વિરુદ્ધ યોજના ન બનાવ, અને મને માર્ગદર્શન આપ અને મારા માટે મારું માર્ગદર્શન સરળ બનાવ, અને જેમણે મારા પર અન્યાય કર્યો છે તેમની સામે મને મદદ કર. હે અલ્લાહ! મને તારો શુકરગુઝાર બનાવ, તને યાદ કરનાર, તારાથી ડર રાખનાર, તારો ફરમાબરદાર, તારું ખૂબ પાલન કરનાર, તારી તરફ ખૂબ ઝૂકનાર બનાવ, હે મારા રબ! મારી તૌબાહ સ્વીકાર, અને મારી દુઆ સ્વીકાર, અને મારી હુજ્જત સ્વીકાર, અને મારા હૃદયને માર્ગદર્શન આપ, અને મારી જીભ સીધી કર, અને મારા હૃદયમાંથી દ્વેષ દૂર કર.

પછી બીજી દુઆ છે: હે અલ્લાહ, મને એવો બનાવી દે કે હું તારો ખૂબ આભાર માનું, અને વારંવાર તારો ઝીકર કરું, અને તારી સલાહનું પાલન કરું અને તારા કડક આદેશોને યાદ રાખું.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જો કોઈ વ્યક્તિ દરરોજ આ દુઆ કરે તો ખોટા વિચારો આવશે નહીં અને વ્યક્તિ ખોટા કામ કરશે નહીં.

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને આપ (સ. અ. વ)ના સહાબીઓ વરસાદના પહેલા ટીપાને પોતાના માથા પર લેતા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવતાં કે, 'આ આપણા સર્વોચ્ચ રબ તરફથી એક તાજગીભરી ને'મત આવી છે.' આ રીતે તેઓ વરસાદ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરતા.

બૈતુલખલા (શૌચાલય)માંથી બહાર નીકળતી વખતે, આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ દુઆ કરતા, 'તમામ તા'રીફ અલ્લાહ માટે છે, જેણે મારાથી હાનિકારક વસ્તુ દૂર કરી અને મને આરોગ્ય આપ્યું.' જ્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રાત્રે પોતાના પલંગ પર સૂતા, ત્યારે આ દુઆ કરતા, 'હે અલ્લાહ! તારા નામથી જ હું મરું છું અને જીવું છું.' જ્યારે આપ (સ. અ. વ.) જાગતા, ત્યારે આ દુઆ કરતા, 'બધી પ્રશંસા અલ્લાહ માટે જ છે, જેણે આપણને જીવિત કર્યા પછી મારી નાખ્યા, અને આપણે તેની પાસે પાછા ફરીશું.'

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જ્યારે જમવાનું શરૂ કરતા ત્યારે અલ્લાહનો આભાર માનતા, અને જ્યારે તેઓ નવા કપડાં પહેરતા ત્યારે અલ્લાહનો આભાર માનતા. ટૂંકમાં, એવો કોઈ પ્રસંગ નહોતો જ્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ અલ્લાહનો આભાર માન્યો ન હોય અને તેની પ્રશંસા ન કરી હોય.

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સામે એક માણસ આવ્યો જેના વિખરાયેલા વાળ હતા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું કે 'શું તેને વાળ સરખા કરવા માટે કંઈ મળતું નથી? આપે એક બીજા માણસને જોયો જેણે ગંદા કપડાં પહેર્યા હતા. આપે ફરમાવ્યું, 'શું તેની પાસે પાણી નથી જેનાથી તે પોતાના કપડાં ધોઈ શકે?'

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું: તે વ્યક્તિ જન્નતમાં પ્રવેશ કરશે નહીં જેના હૃદયમાં એક કણ જેટલું પણ ઘમંડ હશે. એક માણસે કહ્યું કે માણસને ગમે છે કે તેના કપડાં સારા હોય, તેના જૂતા સારા હોય. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું: અલ્લાહ સુંદર છે અને સુંદરતાને પસંદ કરે છે. તેમાં કોઈ શંકા નથી! ઘમંડ એટલે સત્યનો ઇનકાર કરવો અને પોતાને મહાન માનીને લોકોને હકીર (નીચો) સમજે

બદરના યુદ્ધ પ્રસંગે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ કાફરોના વિનાશ અને તેમના દ્વારા મળેલી જીત માટે અલ્લાહનો આભાર માન્યો. તેવી જ રીતે, મક્કાના વિજય પ્રસંગે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની કૃતજ્ઞતાની દુઆઓનો ઉલ્લેખ મળે છે. આ પ્રસંગે, આપે હઝરત ઉમ્મે હાનીના ઘરે ચાશ્તની આઠ રકાત નમાઝ અદા કરી.

હુજ્જતુલ વિદાયનાપ્રસંગે, આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની એક દુઆનો ઉલ્લેખ નીચે મુજબ મળે છે: અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તે એક છે, તેનો કોઈ ભાગીદાર નથી, બાદશાહત

તેની જ છે, તેની જ તા’રીફ છે, તે દરેક વસ્તુ પર સક્ષમ છે. અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તેણે પોતાનું વચન પૂરું કર્યું અને પોતાના બંદાને મદદ કરી અને સૈન્યને પાછું ભગાડી દીધો.

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું: ‘બે ગુણો એવા છે જેમાં અલ્લાહ તઆલા તેને ધીરજવાન અને કૃતજ્ઞ લખે છે. પ્રથમ એ કે જે વ્યક્તિ એવા વ્યક્તિ તરફ જુએ છે જે તેના ધર્મની બાબતમાં તેના કરતા શ્રેષ્ઠ છે અને તેનું પાલન કરે છે, અને બીજો એ કે જે વ્યક્તિ તેના દુન્યવી જીવનની બાબતમાં તેના કરતા નીચા છે તેને જુએ છે અને પછી અલ્લાહ તઆલાની પ્રશંસા કરે છે.’

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું: ‘તે જુઓ જે તમારી નીચે છે અને તમારી ઉપર છે તેને ન જુઓ. તે વધુ યોગ્ય છે કે તમે અલ્લાહની કૃપાને તુચ્છ ન ગણો.’

આપે સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું: ચાર વસ્તુઓ એવી છે જેને આપવામાં આવી છે તેને દુનિયા અને આખેરતની ભલાઈ મળી છે. કૃતજ્ઞ હૃદય, અલ્લાહનો ઝીકર કરતી જીભ, કસોટીના સમયે ધીરજ રાખનાર શરીર, અને એવી પત્ની જે ન તો પોતાની પવિત્રતા અને ન તો પોતાના પતિના મામલામાં તેને દગો આપે.

હઝરત આયશા (ર) બયાન કરે છે કે નબી કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દરેક સમયે અલ્લાહને યાદ કરતા હતા. આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ પોતાની ઉમ્મત સમક્ષ કૃતજ્ઞતાનું સર્વોચ્ચ ઉદાહરણ રજૂ કર્યું છે અને આપણને કૃતજ્ઞ બનવાની સલાહ આપી છે.

ખુત્બાના અંતે, હુઝુર અનવરે ફરમાવ્યું કે આગામી જુમ્માથી, ઈન્શાઅલ્લાહ, બર્તાનિયામાં જમાઅતે અહમદિયાનો વાર્ષિક જલસો પણ શરૂ થઈ રહ્યો છે. અલ્લાહ તઆલા તેને દરેક રીતે બાબરકત ફરમાવે તેવી દુઆ કરો. અને તેને દરેક રીતે સુરક્ષિત રાખે. હવામાન અને ગરમીની તીવ્રતાને કારણે કેટલાક જોખમો છે. અલ્લાહ તઆલા રક્ષણ કરે અને તેને દરેક રીતે સુરક્ષિત રાખે. જે કામદારોને ક્યારેક ગરમીમાં ઊભા રહીને પોતાની ફરજ બજાવવી પડે છે તેમની પાસે પણ કઠિન ફરજો હોય છે. અલ્લાહ તઆલા તેમને શ્રેષ્ઠ રીતે પોતાની ફરજો બજાવવાની ક્ષમતા આપે. આમીન

******

اَلْحَمْدُ لِلّٰهِ نَحْمَدُهٗ وَ نَسْتَعِيْنُهٗ وَ نَسْتَغْفِرُهٗ وَ نُؤْمِنُ بِهٖ وَ نَتَوَكَّلُ عَلَيْهِ وَ نَعُوْذُ بِاللّٰهِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَيِّئَاتِ اَعْمَالِنَا مَنْ يَّهْدِهِ اللّٰهُ فَلَا مُضِلَّ لَهٗ وَ مَنْ يُّضْلِلْهُ فَلَا هَادِىَ لَهٗ وَ نَشْهَدُ أَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَ نَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ عِبَادَ اللّٰهِ رَحِمَكُمُ اللّٰهُ اِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِيْتَآءِ ذِى الْقُرْبٰى وَ يَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْكَرِ وَ الْبَغْيِ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ اُذْكُرُوا اللّٰهَ يَذْكُرْكُمْ وَ ادْعُوْهُ يَسْتَجِبْ لَكُمْ وَ لَذِكْرُ اللّٰهِ اَكْبَرُ۔